सत्यमेव जयते

કેસ રજુ તારીખ : ૧૯/૦૧/૨૦૧૭
કેસ દાખલ તારીખ : ૧૯/૦૧/૨૦૧૭
કેસ ફેસલ તારીખ : ૧૭/૦૫/૨૦૨૪

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

**મે.એડી.ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૫, મુ. અમદાવાદ.**

---

**ક્રિ.કેસ નં. ૩૬૪૫/૨૦૧૭**
**આંક–**

**ફરીયાદી :–** **સરકારશ્રી**

**વિરૂધ્ધ:**

**આરોપી :–** **મુનીયાર એહમદ બુનીયાદખાન પઠાણ**
રહે. કાશીબાઈની ચાલી, બળીયાકાકા ચાર રસ્તા,
ગોમતીપુર,અમદાવાદ.

**ગુન્હો:**– ધી જુગારધારા કલમ ૧૨(અ) મુજબ...

---

**ફરીયાદ પક્ષે .એ.પી.પી.શ્રી પી.આર.જોષી**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી**

---

–: **ચુ કા દો** :–

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તા.૧૬/૧૨/૨૦૧૬ ના કલાક ૧૧/૫૫ વાગે રખિયાલ ડાયમંડ પાન પાર્લર બાકડા ઉપર જાહેરમાં મુંબઈ વરલી મટકાનો પૈસા વતી હારજીતનો જુગાર રમી રમાડી રોકડા રૂા. ૫૩૦/– તથા આંકડા લખેલ કાપલીની કિં.રૂા.૦૦,૦૦/– તથા બોલપેન

કિં.રૂા.૦૦/૦૦/–સાથે મળી આવી પકડાઈ જઈ, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ રખિયાલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે સેકન્ડ ગુ. ર. નં.૩૧૮૪/૨૦૧૬ થી ફરીયાદ નોંધી તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં, ધી જુગારધારા કલમ ૧૨(અ) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આંક– ૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આંક– ૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સદર કામે ઘણા લાંબા સમયથી ગેરહાજર રહે છે. આરોપીને પકડવોરંટ તથા જામીનદારને નોટીસ કાઢવા છતાં આરોપી કે જામીનદાર મળી આવતા નથી/તેની બજવણી થતી નથી, સદરહુ આરોપીઓ નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી અને તેની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબ પડે છે , તેથી આ તમામ સંજોગોને લક્ષમાં લઈ ક્રિમી.પ્રોસી.કોડની કલમ ૨૯૯(૧) અન્વયે આરોપીની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે .

(૩) ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ પ્રવિણસિંહ પુનમસિંહ રાજપુતની સોગંદ ઉપરની | ૫ |

| | | |
|---|---|---|
| | જુબાની | |
| ૨ | પંચનામું | ૬ |
| ૩ | સાહેદ લાલજીભાઈ ચિથરભાઈની સોગંદ ઉપરની જુબાની | ૭ |
| ૪ | ફરીયાદી પ્રવિણકુમાર મોહનભાઈની સોગંદ ઉપરની જુબાની | ૮ |
| ૫ | ફરીયાદ | ૯ |
| ૬ | સાહેદ પ્રતાપસિંહ સુજેસિંહ રાઠોડની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |
| ૭ | સાહેદ નગાજણ અરજણભાઈની સોગંદ ઉપરની જુબાની | ૧૧ |
| ૮ | પંચ સાહેદ દિનેશ કેસરસિંહ ઝાલાની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૯ | ત.ક.અ.અનિલકુમાર બી. દેવધાની સોગંદ ઉપરની જુબાની | ૧૩ |

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના ધ્યાને લેતાં, આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડ કલમ – ૨૯૯ મુજબનો હુકમ કરેલ હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>–:મુદ્દા:–</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા.૧૬/૧૨/૨૦૧૬ ના કલાક ૧૧/૫૫ વાગે રખિયાલ ડાયમંડ પાન પાર્લર બાકડા ઉપર જાહેરમાં મુંબઈ વરલી મટકાનો પૈસા વતી હારજીતનો જુગાર રમી રમાડી રોકડા રૂા. ૫૩૦/– તથા આંકડા લખેલ કાપલીની કિં.રૂા.૦૦,૦૦/– તથા બોલપેન કિં.રૂા.૦૦/૦૦/–સાથે મળી આવી પકડાઈ જઈ, ધી જુગારધારા કલમ ૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં

મુદ્દા નં.ર : આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદ્દા નં.૧:-</u>**

(૭) હવે આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક-૭ થી સાહેદ લાલજીભાઈ ચિથરભાઈ , આંક-૮ થી ફરીયાદી પ્રવિણકુમાર મોહનભાઈ, આંક-૧૦ થી સાહેદ પ્રતાપસિંહ સુજેસિંહ રાઠોડ, આંક-૧૧ થી સાહેદ નગાજણ અરજણભાઈ, આંક-૧૩ થી ત.ક.અ.અનિલકુમાર બી. દેવધાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓ તમામ પોલીસ સાહેદ છે અને તેઓએ આંક-૯ ની ફરીયાદને સમર્થન કરતી હકીકતો સરતપાસમાં જણાવેલ છે પરંતુ આરોપી તરફે તેઓની કરવામાં આવેલી ઉલટતપાસમાં તેમણે એ હકીકત કબુલ રાખેલી છે કે એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા ખુબ જ ભીડભાડવાળી છે અને ત્યાં ઘણી દુકાનો ગલ્લા છે, બનાવ સ્થળે ઘણાં લોકોની અવર જવર ચાલુ હતી અને તેઓએ આજુબાજુની દુકાનો તથા મકાનોના રહીશોના નિવેદન લેવામાં આવેલ નથી. જયારે આંક-૫ થી પંચ સાહેદ પ્રવિણસિંહ પુનમસિંહ રાજપુત, આંક-૧ર થી પંચ સાહેદ દિનેશ કેસરસિંહ ઝાલાનાઓને તપાસેલ છે જે પંચ સાહેદો છે અને તેઓએ ફરીયાદમાં જણાવેલી હકીકતો કરતાં તદ્દન વિરૂઘ્ધનો પુરાવો આપેલો હોવાથી ફરીયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી, સરકાર તરફે કરવામાં આવેલી તેઓની ઉલટમાંથી પણ કોઈ સમર્થનકારી પુરાવો મેળવી શકાયેલો નથી.

આ કામનાં આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા નથી.જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ સરકયુલર બહાર પાડી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–ર૯૯ અને ૩૫૩(૬)નાં પ્રબંધોનો તેના ઉદ્દેશ અનુસાર ઉપયોગ કરવા માટે સૂચનાઓ આપવામાં આવેલી છે. સદર કામના આરોપી ઘણાં સમયથી કોર્ટમાં હાજર રહેતા ન હોય સદર કેસની કાર્યવાહી આગળ ચાલતી નથી. આ કામે આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા નથી અને તેમની સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેના આધારે તેઓને તકસીરવાન ઠરાવી શકાય. આમ જયારે આરોપી સામે કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી ત્યારે ફકત આરોપીની ગેરહાજરીના કારણે આ કેસ પડતર રાખવાથી ન્યાયનો કોઈ હેતુ સરે તેમ નથી અને આ કેસ પડતર રાખવાથી કેસોના ભારણમાં વધારો થાય તેમ છે.અદાલતો પર વધતા કેસોના ભારણમાં આવા કેસો પડતર રાખવાથી ખોટો વધારો કરવો ન્યાયોચિત જણાતું નથી. આ તમામ સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૩(૬) અનુસાર આરોપી સામેનો કેસ પણ પુરો કરવો ન્યાયના વિશાળ હિતમાં જરુરી હોય તે મુજબનો આખરી હુકમ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત તમામ ચર્ચા તથા હકિકત અને સંજોગો ધ્યાને લેતા ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, તે રીતે મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર–ર પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: <u>આખરી હુકમ</u> : –

આ કામના **આરોપી :– મુનીયાર એહમદ બુનીયાદખાન પઠાણ** રહે. કાશીબાઈની ચાલી, બળીયાકાકા ચાર રસ્તા,ગોમતીપુર,અમદાવાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ–ર૯૯ સાથે વાંચતા કલમ–૩૫૩(૬) તથા ર૪૮(૧) અન્વયે ધી જુગાર ધારા કલમ ૧ર(અ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના ટ્રાયલ સમયના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો નોન વેલ્યુએબલ મુદ્દામાલનો નાશ કરવાનો તથા અંગઝડતીના નાણાં અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૫/૨૦૨૪
મુ.અમદાવાદ.

(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૫,અમદાવાદ.
**GJ00885**